બરછી કાર્યાલય C/o.ફાઈન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧.

Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

જાન્યુઆરી–૨૦૨૨
વર્ષ : જાન્યુઆરી થી ડિસેમ્બર
વર્ષ : ૫૮
વાર્ષિક લવાજમ : રૂા.૨૦૦

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫



## ઉત્તરાયણ પર્વે...

સદા અનુકૂળ એવો પવન મળે
એવું મજાનું સૌને જીવન મળે!
ગોથ ખાતા પતંગને ઓથ મળે,
ઢીલ કે ખેંચ બંન્ને સચોટ મળે
એવું મજાનું સૌને જીવન મળે!
લડાવો પેચ તો'ય ના વેર મળે
માંગો બસ ત્રણ ને તેર મળે,
એવું મજાનું સૌને જીવન મળે!
મનમાં ના કોઈથી વેર મળે,
રહે ઉત્સાહ પણ ના આવેશ મળે,
એવું મજાનું સૌને જીવન મળે!
કાપ્યાનો અનહદ આનંદ મળે,
કપાયાનો ના કદી રંજ મળે,
એવું મજાનું સૌને જીવન મળે!
નભમાં હોવાનું ના ગુમાન મળે,
ભાવ સૌને માટે સમાન મળે,
એવું મજાનું સૌને જીવન મળે!
ઊંચા આકાશનું સંધાન મળે,
છતાં મૂળ સાથે અનુસંધાન મળે,
એવું મજાનું સૌને જીવન મળે!

—મેહુલ ભટ્ટ, અમદાવાદ.
મો.૯૯૭૯૮૯૩૩૨૯

## આવતીકાલની આશા

(વડોદરાના શ્રી દક્ષેષભાઇ માંકડ તરફથી તેમની બે પુત્રીઓની માહિતી મળતાં તે પ્રકાશિત કરતાં ગર્વ અનુભવતાં વિચાર આવ્યો કે ૧૯૭૦થી ૮૦ના દસકમાં શાંતિભાઇએં શરૂ કરેલ શ્રેણી 'આવતી કાલની આશા' શિર્ષક આપી ફરીથી શરૂ કરીએ.જે આજે ચિ. પુષ્ટિ અને નિખાર માંકડની માહિતી સાથેના પહેલા મણકાથી શરૂ કરી રહયા છીએ.નાની વયથી યુવા વયના આપના સંતાનોએ કોઈપણ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ—સફળતા મેળવી હોય કે પ્રદાન કર્યુ હોય તો 'બરછી' માટે લખી મોકલવા ઇજન છે.વિચાર ને પ્રયાસ અમારો,ઈચ્છા ને સહકાર તમારા! —તંત્રી)

## પુષ્ટિ માંકડ—નિખાર માંકડ

ભરૂચ ખાતે MNC કંપનીના CEO શ્રી દક્ષેષ માંકડ અને LIC માં કાર્યરત શ્રીમતી અમિતા માંકડનાં પુત્રી પુષ્ટિ માંકડ.બરછી અને સોશ્યલ મીડિયા દ્વારા નાની વયના અંકશાસ્ત્રી તરીકે તેમનાથી જ્ઞાતિબંધુઓ પરિચિત છે.આજે તેમનો કવિયત્રી તરીકેનો પરિચય મેળવીએ.

પુષ્ટિ માંકડ સાહિત્ય લેખનમાં પણ રસ ધરાવે છે.તેણીને માત્ર ૧૧ વર્ષની નાની બાળવયથી લેખનનો શોખ હતો.અને ત્યારથી આજ ૧૯ વર્ષની તરૂણ વય સુધી વિવિધ વિષયો ઉપર પોતાના સંવેદનશીલ વિચારોને કલમ દ્વારા તેણીએ શબ્દદેહ આપ્યો છે. તાજેતરમાં બુકલીફ પ્રકાશન દ્વારા પુષ્ટિ માંકડ લિખિત પ્રથમ 'સ્ટર્લિંગ' નામક પુસ્તક—કાવ્ય સંગ્રહ રૂપે પ્રકાશિત થયું. કવિતાના આ સંગ્રહમાં માનવ જગતની દોડ, શાળાકીય જીવનની મોજ,રાષ્ટ્રભાવનાની શીખ,ભગવાન શીવ અને ઈશ્વરી તત્વ, નારીસશક્તિકરણ વિશેના કાવ્યો સાથે, પ્રકૃતિ,સંગીત અને કલાના જોડકણા જેવાં હૃદયસ્પર્શી મેઘધનુષી કાવ્યો પણ છે. આ પુસ્તક 'એમઝોન' 'ફ્લિપકાર્ટ' વગેરે પ્લેટફોર્મ પર ઉપલબ્ધ છે.

આ દક્ષેષ માંકડ અને શ્રીમતી અમિતા માંકડના ધોરણ—૭માં અભ્યાસ કરતી નાની પુત્રી તે નિખાર માંકડ. તેણી પણ અભ્યાસ અને ઈતર પ્રવૃત્તિમાં તેજસ્વીતા ધરાવે છે ને નાની વયે અનેક ક્ષેત્રો સર કર્યાં છે. માત્ર૧૧ વર્ષની વયે વર્ષ ૨૦૨૦—૨૧માં વિદ્યાર્થી પરિષદમાં પ્રિફેકટ બનેલ.જ્યાં તેણીએ વિવિધ વર્કશોપ,ઈવેન્ટસ સાથે રમતગમત,પર્યાવરણ તથા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કર્યાં ઉપરાંત NGO સાથે વિવિધ માનવતાવાદી સામાજીક કાર્યોમાં ભાગ લીધો. ચિ. નિખાર આનંદ આશ્રમ NGOમાં આંખના દાન કરવાની પ્રતિજ્ઞા લેનાર સૌથી નાની વયની દાતા છે.તેણી અનેક કલામાં મહારથ ધરાવે છે..યુનાઈટેડ વે ગરબામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે તો સાથે સાથે શાસ્ત્રીય નૃત્ય સાથે પશ્ચિમી ડાન્સમાં પણ કાબેલિયત ધરાવે છે.ક્લાઇમેટ ચેઇન્જ વેબિનારમાં ભાગ લઈ NASA, UN, WWF તરફથી પ્રમાણપત્રો મેળવ્યાં છે.આંતરરાષ્ટ્રીય સ્તરની જોડણી સ્પર્ધા ઉચ્ચ ગુણાંક સાથે સફળતા મેળવી ગોલ્ડ મેડલ અને સર્ટિફીકેટસ મેળવ્યાં છે.પોતાના ઓલિમ્પિયાડ જેવા તેના જ્ઞાનની ક્ષિતિજ વિસ્તારવા લિમ્કા બુક ઓફ રેકોર્ડસ મલેશિયા બુક ઓફ રેકોર્ડસ સાથે નોંધાયેલ UCMAS IGE ઉત્તીર્ણ કરી છે. જીવનમાં નિખાર લાવતાં અધ્યાત્મિક ક્ષેત્રને પણ નિખારએ બાકાત નથી રાખ્યું..તેણીએ સતત ૨થી ૩ વર્ષ ચિન્મય મિશન આયોજીત ગીતા જપમાં ભાગ લીધો છે, તો ક્રિયા, ધ્યાન, સત્સંગમાં પણ રસ ધરાવે છે.અંતમાં..બંને બહેનો વિશિષ્ટ બુદ્ધિમત્તા ને અંતઃશક્તિ ધરાવે છે કે બંધ આંખે તે બધુંજ જોઈ, સાંભળી ને પિછાણી શકે છે.થોડાં વર્ષથી આ અંગેના સ્ટેજ પ્રોગ્રામ પણ કરી રહયાં છે.

મા સરસ્વતીના કૃપાપાત્ર એવી બે બહેનો પુષ્ટિ અને નિખારને ઉજજવળ ભવિષ્યની શુભકામના.

## આત્મનિર્ભરનાર્યા : અમદાવાદ ખાતે મહિલાઓ માટે સરાહનીય આનંદમેળો

દેશમાં મહિલા સશક્તિકરણનો પવન ફૂંકાયો છે સમાજની મહિલાઓ સ્વરોજગારી મેળવી પગભર થાય તે માટેના કાર્યક્રમો થાય છે. જો કે નાગર જ્ઞાતિની બહેનો થોડા વર્ષોથી શિક્ષણ મોરચો સર કરી નોકરી દ્વારા તો આત્મનિર્ભર થવા લાગી છે પરંતુ વ્યવસાયમાં તેને માનસિક પરિવર્તન સાથે પ્રોત્સાહન અને માર્ગદર્શનની દિશામાં નવો રાહ ચિંધતું એક વિશિષ્ઠ સરાહનીય આયોજન અ.ભા.નાગર પરિષદ દ્વારા અમદાવાદ ખાતે કરવામાં આવ્યું,

અખિલ ભારતીય નાગર પરિષદ–મધ્યસ્થ–ની મહિલા પાંખ દ્વારા ગત માસની તા.૨૫ અને ૨૬ ડિસેમ્બરના રોજ ઝુંડાલ ખાતે જ્ઞાતિની બહેનો માટે બહેનો સંચાલિત 'આત્મનિર્ભરનાર્યા' પ્રોજેક્ટ અંતર્ગત આનંદમેળો યોજાય ગયો.પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ ભાગવતાચાર્ય ડો.જલ્પેશભાઇ મહેતા વડોદરાના પીઆઇ.બિરજુ ભટ્ટના હસ્તે ખુલ્લા મૂકાયેલ આ આનંદમેળામાં ગુજરાત ઉપરાંતના બહેનોએ પણ જોડાયાં હતાં. કુલ ૮૫ જેટલા સ્ટોલમાં ડ્રેસમટીરીયલ, કુર્તી, લગ્નસરાના પરિધાનો, આયુર્વેદિક, કોસ્મેટીક, જ્વેલરી અને વિવિધ ખાનપાનના સ્ટોલનો સમાવેશ થતો હતો.

અત્રે કેટલીક નોંધ લેવા જેવી બાબતો લાગી જેમ કે મુખ્ય તો સંસ્થા દ્વારા બહેનોને વિનામૂલ્યે દરેકને એક સરખા, આકર્ષક સુશોભિત સ્ટોલ આપવામાં આવ્યા હતા.બહેનોની આર્ટ ક્રાફટની કલાનું વૈવિધ્ય જોવા મળ્યું.ખાનપાનના સ્ટોલમાં કાઠીયાવાડી દેશી વાનગી, મુઠિયા, પીઝા,ફાસ્ટફૂડ,અથાણા, શિયાળાના શકિતવર્ધક મેથીચીમેડ અને અડદિયાના સ્ટોલ પણ હતા.આનંદ મેળાનું સ્થળ સીટી એરિયાથી દૂર આવેલું હોવા છતાં બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો– ઇતરજનોએ લાભ લીધો, કેટલાક શોખીન બહેનો ને વડીલો ૨૦૦–૩૦૦રૂા. રીક્ષાના ખર્ચીને આવ્યા હતા અને ખરીદી સાથે ખાણીપીણી કરી બહેનોના સાહસ ને પ્રોત્સાહન પૂરૂં પાડયું હતું.જ્ઞાતિ અગ્રણીઓ,દરેક મંડળના પ્રમુખ અને પદાધિકારીઓને આમંત્રિત કરવામાં આવતાં ઘણા ઉપસ્થિત રહયા હતા.(સાદર સાભાર નોંધ લેવી ઘટે કે અમારો પણ સમાવેશ હતો પરંતુ સાંપ્રત સમય સંજોગોને કારણે ન ગયા,જેનો રંજ રહેશે.)

પરિષદની મહિલા પાંખના રાષ્ટ્રીય કન્વીનર જલ્પાબેન દેસાઈ,મધ્યસ્થ સમિતિ તથા અમદાવાદ શાખાના પ્રમુખ શ્રી મનીષભાઇ કિકાણી અને સભ્યોની જહેમતથી આ આયોજન સફળ અને યાદગાર પણ બની રહયું હતું.જે બદલ આયોજકો તથા જહેમત ઉઠાવનાર સૌ કોઈ ધન્યવાદના અધિકારી છે.

## ઉત્સવ દેસાઇએ ગોલ્ડ મેડલ મેળવ્યો

વલ્લભવિદ્યાનગરની પોલીટેકનિક કોલેજમાં ડિપ્લોમા ઇન નેકાટ્રોનિક્સનો અભ્યાસ કરી રહેલ વલ્લભવિદ્યાનગરના ઉત્સવ નીરવકુમાર દેસાઈ જીટીયુ દ્વારા લેવાયેલ છેલ્લા સમેસ્ટરની પરીક્ષામાં ૧૦માંથી ૧૦ પોંઈટ મેળવી ઉત્તીર્ણ થતાં તા.૨૭/૧ના રોજ યોજાયેલ સમારંભમાં રાજ્યપાલશ્રીના વરદ હસ્તે ગોલ્ડમેડલ એનાયત કરવામાં આવ્યો. પરિવાર અને જ્ઞાતિને ગૌરવ બક્ષનાર ભાઇ ઉત્સવને અભિનંદન ઉજ્જવળ ભવિષ્યની શુભકામના. ચિ. ઉત્સવ વલ્લભવિદ્યાનગરના જ્ઞાતિસેવક અને બરછીના પ્રતિનિધી તરીકે ચારેક દાયકાથી સેવા આપતા શ્રી રસેન્દુભાઇના પૌત્ર થાય છે.

## પુસ્તક અવલોકન :

### ઈશ્વરના ઓટોગ્રાફ : લેખક : ડો. ભદ્રાયુ વછરાજાની

તાજેતરમાં ડો.ભદ્રાયુ વછરાજાની દ્વારા સુયોગ્ય બાળ ઉછેર અંગે માર્ગદર્શન આપતું અતુલ્ય કહી શકાય તેવું પુસ્તક 'ઈશ્વરના ઓટોગ્રાફ' પ્રકાશિત થયું. આકર્ષક ટાઈટલ અને મુદ્રણ દ્વારા તેઓની સ્વભાવગત ચીવટ અને ચોકસાઇ જોવા મળે છે. સૌ વિદિત છે કે તેઓ સેક્સ એજ્યુકેશનમાં ડોકટરેટની પદવી ધરાવે છે. ઉપરાંત માનસશાસ્ત્રના ઊંડા અભ્યાસુ અને તત્વચિંતક છે અને 'સંતુલન કાઉન્સેલિંગ' દ્વારા પથદર્શન કરે છે.

જાતીય શિક્ષણના વૈજ્ઞાનિક અભ્યાસ અને તત્વજ્ઞાન,દર્શનશાસ્ત્ર વિષયક વાંચન,શ્રવણ,શ્રેય અને પ્રેયના ચિંતનના નિચોડનો સમન્વય આ પુસ્તકમાં જોઈ શકાય છે.૧૫૧ મણકાના આ પુસ્તકમાં માતાના ગર્ભમાં બાળકના વિકાસના તબક્કા,તે દરમ્યાનની અને જન્મ પછીની કાળજી,માતા પિતાની બાળ ઉછેરની ફરજો– જવાબદારી, તેમના સ્વભાવ– વર્તનની અસર,દૂરોગામી અસરો અને જે દ્વારા સંતાનના ભવિષ્યનું ઘડતર વગેરે અનેક પાસાંની કાબિલેદાદ સમજ આપી છે.યોગ્ય/અયોગ્ય ઉછેરને કારણે આપણી કે અન્યની વિશેષતા, ઉણપ,વર્તન,સ્વભાવ વગેરેને પણ જાણી શકાય તેવું પણ પુસ્તક વાંચતાં અનુભવ્યું.

યુટયૂબ ચેનલ ઉપર સતત ત્રણ મહિના સુધી માત્ર ૩૦ સેકન્ડમાં ભદ્રાયુભાઈની વિદ્વત્તાપૂર્ણ લાક્ષણિક શૈલીમાં 'ઈશ્વરના ઓટોગ્રાફ' શિર્ષક હેઠળ ઉપરોક્ત દરેક મણકા પ્રસારિત કર્યા બાદ આ પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે.જેની વિશેષતા એ છે કે આ પુસ્તકમાં પ્રિન્ટ કરવામાં આવેલ QR Code સ્કેન કરી યુટયૂબ ઉપર આ મણકા ક્રમબદ્ધ જોઈ સાંભળી શકાય છે.

પુત્રવધૂ કાજલએ પુસ્તકના વાંચન પછી તેમાંથી તારવેલા, સમજવા જેવા કેટલાક અંશ...

(૧) કુટુંબમાં બાળકનું અવતરણ એ માત્ર મમ્મી માટે નહિ, પપ્પા માટે પણ પ્રસંગ છે,બાળક બંનેની સહિયારી જવાબદારી છે. (૨) કુટુંબમાં માત્ર બાળક અવતરતું નથી, સમગ્ર અસ્તિત્વ અને પૂરી પ્રકૃતિ અવતરે છે. બાળક એ દેવનો દૂત છે. પુસ્તક આ વાતની સરસ પુષ્ટિ કરાવે છે.(૩) માતા તથા પિતાએ બાળકનું સ્વાગત કરવું, પૂરા દિલથી સ્વીકાર કરવો ને કઈ રીતે ઉછેર કરવો તે શીખવે છે.(૪) બાળકના ઉછેરમાં અતિ મહત્વની વાત બાળકને સર્જનાત્મક ટેકો કરતા રહી સાથે પ્રમાણિક વ્યવહારની સમજ, અતિ પ્રોત્સાહક અભિગમ સાથે મુકત અને નિખાલસ ચર્ચા કેમ કરવી તે અંગે પણ માર્ગદર્શન આપે છે. ટૂંકમાં..કહ્યું છે કે બાળક પડઘો છે, માતા પિતાના અવાજનો! ભદ્રાયુભાઇ સ્પષ્ટ છે કે..બાળકનો ઉછેર યોગ્ય રીતે કરશો તો ભવિષ્યમાં તમારી વૃદ્ધાવસ્થાને સાચવી લેશે,એ નક્કી.

'ઈશ્વરના ઓટોગ્રાફ' અર્પણ થયું છે : કન્હૈયામાંથી કૃષ્ણનું સર્જન કરનાર યશોદાને. અને ભદ્રાયુ વછરાજાની અર્પણ પૃષ્ટ પર શ્રદ્ધા બંધાવતાં ટાંકે છે કે : 'પ્રત્યેક માતા યશોદા છે અને પ્રત્યેક બાળક કનૈયો!'

સૌ કોઈ યુવાનોએ અને ભવિષ્યમાં પરિવારનું કલ્યાણ અને સુખ વાંચ્છતા વડીલોએ,ઉત્તમ સમજ,શીખ અમલમાં મૂકવા વાંચવા, વસાવવા અને ભેટ રૂપે આપવા જેવું પુસ્તક એટલે 'ઈશ્વરના ઓટોગ્રાફ'. પુસ્તક મેળવવા વ્હોટસએપથી સંપર્ક કરો : મનીષભાઈ : ૯૮૨૫૭૫૨૪૩૭

–વિ.શાં.ઘો.

## પ્રજાસત્તાક દિને એરફોર્સ પાયલોટ મુદિત દેસાઈની ગગનભેદી ઊંચી ઉડાન

તા.૨૬ જાન્યુઆરી–૨૨ પ્રજાસત્તાક દિનની દિલ્હી ખાતેની પરેડ દરમ્યાન જેગુઆર વિમાનોએ ઊંચી ઉડાન ભરી અને, હવાઈ નિદર્શન કરી દેશના અમૃત મહોત્સવ નિમિત્તે આકાશમાં ૭૫નો અંક બનાવ્યો હતો.આ દિલધડક ઉડાનમાં પસંદગી પામનાર ૧૭ ફાઈટર પ્લેનના ઝાંબાઝ પાયલોટમાંના એક હતા..વિંગ કમાન્ડર મુદિત દેસાઈ.હજારો માઈલ ઉપર આકાશમાં ઉડતાં ૧૭ વિમાનોનું ટાઈમીગ,સંકલન સાથેનું અદ્‌ભૂત રોમાંચક 'ફોર્મેશન' ટીવી ઉપર જોતાં માન ઉપજવાની સાથે સૌની છાતી ગર્વથી ફૂલી ઉઠી હતી.

એરફોર્સના અફસર મુદિત એટલે વડોદરા સ્થિત વિશ્વેશ દેસાઈ અને સૌ.અર્ચના વિશ્વેશ દેસાઈના પુત્ર તે સૌ.બંસરીના પતિ, ભાવનગરના સ્વ.પ્રા. ડો. શીવકુમારભાઇ દેસાઈના પૌત્ર અને બરછીના આદ્ય તંત્રી સ્વ. શાંતિભાઇ ધોળકિયાના દોહિત્ર થાય.. એટલે કે અમારો ભાણેજ થાય.

એક નાગર યુવાન(મુદિત) દેશના અમન કાજે એરફોર્સમાં ફરજ બજાવી રહયો છે અને ૨૬મીએ ફાઈટર પ્લેન દ્વારા નિદર્શનમાં ભાગ લેવાના સમાચાર સોશ્યલ મીડિયામાં વાયુવેગે પ્રસરતાં ગૌરવભાવ સાથે બંસરીને તેમજ દેસાઈ– ધોળકિયા પરિવારના સભ્યોને મુદિતને અભિનંદન અને શુભેચ્છા પાઠવતા અગણિત ફોન, મેસેજનો સતત પ્રવાહ ચાલુ રહયો હતો..ઘણાએ મુદિતના અવકાશી ઉડાન અંગેની વિસ્તૃત માહિતી આપવા વિનંતી કરી હતી જે આવતા અંકમાં મેળવીને આપવા પ્રયત્નશીલ છીએ.શુભલાગણી રાખી ગર્વ અને ખુશીમાં સહભાગી થનાર સહુ કોઈના અમે સૌ આભારી છીએ.

ખરે જ ચિ.મુદિતએ પરિવાર,જ્ઞાતિ સાથે દેશને પણ ગૌરવ બક્ષ્યું જ છે. સલામ સાથે સમસ્ત જ્ઞાતિ વતી અભિનંદન.જય જવાન–જય હિંદ!

---

**સમાચાર સંચય :**

<u>રાજકોટ</u> : અત્રેના શ્રી ભાવિનભાઇ વસાવડા,જાણીતી ફિલ્ડમાર્શલ કંપનીમાં ૨૫ વર્ષની નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી નિવૃત્ત થતાં તમામ સ્ટાફ અને શેઠશ્રી ચંદ્રકાંતભાઇ પટેલની ઉપસ્થિતિમાં તેમનો ભાવભર્યો વિદાય સમારંભ યોજાય ગયો.આ તકે વકતવ્યમાં શેઠશ્રી અને સહકર્મીઓએ તેમની નિષ્ઠા અને પ્રમાણિકતાની પ્રશંસા કરી હતી.અંતમાં ચંદ્રકાંતભાઇના હસ્તે ભાવિનભાઇને મોમેન્ટો આપી બહુમાન કરવામાં આવ્યું હતું. મિલનસાર અને સેવાભાવી ભાવિનભાઇ નિવૃત્તી બાદ અમદાવાદ ખાતે ગોદરેજ ગાર્ડન સીટીમાં સ્થાયી થયા છે. તેઓ ગોતા,ચાંદખેડા,વંદે માતરમ આસપાસના વિસ્તારના જ્ઞાતિબંધુઓની યાદી તૈયાર કરી પરસ્પર મળીહળીને સૌને એકત્ર કરવાની ઈચ્છા ધરાવે છે.તો આ વિસ્તારના બંધુઓને ભાવિનભાઇના મો. નં. ૯૪૨૬૮ ૮૮૯૯૮ ઉપર નામ,સરનામા, મો.નં. મોકલી આપવા વિનંતી છે.

<u>વડોદરા</u> : શહેર અને જિલ્લાનું રજીસ્ટર્ડ સંગઠન 'વડોદરા આયુર્વેદ પરિવાર'ની એક દિવસીય પ્રવાસ સાથેની વાર્ષિક સાધારણ સભા રાઇઓલી ખાતેના ડાયનાસોર ઈન્ટરનેશનલ પાર્ક ખાતે યોજાય ગઈ. જેમાં જાણીતા તબીબો ઉપરાંત સભાસદોની ઉપસ્થિતિમાં જાણીતા આયુર્વેદાચાર્ય અને હાસ્યકાર ડો. રાજેન્દ્ર હાથીને સંસ્થાના મંત્રી ડો.સંજય દવેના હસ્તે 'લાફટર થેરાપિસ્ટ' તરીકે બહુમાન કરી આકર્ષક ટ્રોફી આપવામાં આવી હતી.આ ઉપરાંત સિનિયર સીટીઝન્સ ફેડરેશન તરફથી તાજેતરમાં યોજાયેલી શીઘ્ર વકતૃત્વ સ્પર્ધામાં ડો.રાજેન્દ્ર હાથીએ 'વરિષ્ઠ નાગરિકની સમાજને જરૂર છે કે નહિ' તે વિષય ઉપર પોતાના મનનીય વિચારો રજૂ કરી તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું.

## જૂનાગઢનાં જાગૃતિબેન ખારોડ દ્વારા અનેકવિધ સેવાકાર્યો



જૂનાગઢ સ્થિત નિવૃત્ત કલાસ ટુ અધિકારી જાગૃતિબેન ખારોડે જૂનાગઢ ખાતે સેવાની ભેખ ધરી છે જેની નોંધ લઈએ તો અહીંના ગાયત્રી મંદિર ખાતેથી ટિફિન સેવા સાથે શાલનું વિતરણ કરવામાં આવ્યું. ગાયત્રી મંદિરેથી શ્રી રાધેશ્યામ રામરોટી મંડળ દ્વારા દરરોજ સાંજે બે વ્યકિતઓ જમી શકે તે પ્રમાણેના સાઇઠથી વધુ ટિફિનો દરીદ્રનારાયણો વૃધ્ધોના ઘરે આપવાની સેવા છેલ્લા દશેક વર્ષથી સેવાભાવી સિનિયર સીટીઝનો દ્વારા ચાલે છે તેમાં સોનામાં સુગંધ ભળે તેમ જાગૃતિબેન ખારોડએ આ ઠંડીમાં ટીફીન સાથે ગરમ શાલ આપવાનું સૂચન કરી પોતાના તરફથી ૧૦ ગરમ શાલ નોંધાવેલ. તેઓએ અન્ય મિત્રો, સ્નેહી સંબંધીઓના વર્તુળમાં અપીલ કરતાં ૬૦ શાલ મળતાં કુલ ૭૦ શાલનું વિતરણ કરવામાં આવ્યું હતું. જાગૃતિબેને ગત શિયાળામાં ધાબળાનું,ચોમાસામાં છત્રી આપવાનું સૂચન કરી પોતાના તરફથી આર્થિક યોગદાન આપ્યું હતું. ઉપરાંત વાર તહેવારે મીઠાઈ ફરસાણનું પણ વિતરણ કરતાં રહે છે. દરેકમાં અન્ય દાતાઓનો પણ સહકાર મળતો રહેતો હોવાથી આ પરમાર્થ કાર્ય સફળ બની રહયું છે. ટિફિન સેવાનું સંચાલન કરી રહેલા શ્રી જગદીશભાઇ વસાવડા તથા સહકાર્યકરોની સેવાની પ્રશંસા થઈ રહી છે.આવાં સત્કાર્યમાં અનુદાન આપવા ઈચ્છુકો જગદીશભાઇનો ૮૫૩૦૩૧૩૧૧૯થી સંપર્ક કરી શકે છે. અથવા જાગૃતિબેન ખારોડનો મો.નં. ૯૮૨૪૨૪૩૦૦૦/ ૯૪૨૮૦૪૩૦૦૦ ઉપર સંપર્ક કરશો.

---

## લગ્ન વિષયક જાહેરાત

(૧) બી.ઇ.(કોમ્પ્યુટર એન્જી.) જન્મ : ૧૧/૧૯૯૨, ઉ.૫'.૭" પૂના ખાતે એમએનસી.બેંકમાં ડેવલોપર તરીકે ઉચ્ચ પગારથી નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૯૪૨૬૦૨૩૫૪૫

(૨) ગ્રેજ્યુએટ,જન્મ : ૧૧/૧૯૯૪,ઉ. ૫'.૮",અમદાવાદ ખાતે સ્વતંત્ર વ્યવસાયમાં માસિક રૂ.૫૦ હજાર ની આવક ધરાવતા માંગલિક યુવકને કન્યા. સંપર્ક : ૯૪૦૯૨ ૫૧૩૫૩

(૩) એમ.બી.એ.,(ફાઇનાન્સ)જ.૬/૧૯૮૬,ઉ.૫'.૯" આણંદ ખાતે એનડીડીબી.માં ફાઈનાન્સ મેનેજર તરીકે નોકરી કરતા,સુગમ સંગીત કલાકાર (નિર્દોષ છૂટાછેડા થયેલ)યુવકને યોગ્ય કન્યા.સંપર્ક : ૯૭૨૪૧૬૧૯૭૯

(૪) ધો.૧૦ પાસ,જ.૨/૧૯૯૨,ઉ.૫'.૬" જૂનાગઢ ખાતે નોકરી કરતા યુવકને કન્યા.૯૪૨૬૭૬૭૦૫૧

એસ.વાય.બી.કોમ.,જ.૩/૧૯૯૧,ઉ.૫'.૯" જામનગર ખાતે હોટેલ રીજેન્સી ઈન્ટરનેશનલમાં નોકરી કરતા યુવકને કન્યા.સંપર્ક : ૯૩૭૪૦૧૫૩૩૯

(૫) અંડર ગ્રેજ્યુએટ,૩૪ વર્ષ,૫'.૭"ના ડુપ્લેક્ષ મકાન ધરાવતા,માનસિક અસ્વસ્થ યુવકને પ્રેમાળ યોગ્ય જીવનસંગિની.સંપર્ક : ૯૪૨૬૫૧૬૩૮૦.

# આગાહી કરવી એય છે એક લહાણું

લેખક : પ્રા.ડો. મૌલેશ મારૂ,અમદાવાદ

ભવિષ્ય જાણવાની ઈંતેજારી ફકત હિંદુઓમાં જ છે એવુ નથી દરેકે દરેક મનુષ્યની એ નબળાઇ છે અને એટલે જ દુનિયાના લગભગ દરેક દેશમાં ભવિષ્યવેતાઓની કીમત હમેશ રહે છે જ. આપણા દેશમાં કદાચ આનું પ્રમાણ વધારે હશે. ભવિષ્ય જાણવાના ઘણા બધા પ્રકાર છે તેમાં જ્યોતિષશાસ્ત્ર વધુ લોકપ્રિય છે. તે ઉપરાંત સંજોગો પરથી પણ ઘણા અનુમાન થઈ શકે છે. આપણા જીવનના દરેક પાસા પરથી પણ આપણા ભવિષ્ય વિષે જાણકારી મળી શકે છે. મારા એક મિત્ર એવો દાવો કરે છે કે કોઈ પણ વ્યકિતના બાહય દેખાવ પરથી વ્યકિતના સ્વભાવ વિષે તેઓ સચોટ આગાહી કરી શકે છે.અલબત તેમનો આ દાવો લગભગ પોકળ પૂરવાર થાય છે. કારણ તેઓની વ્યકિતના સ્વભાવ વિષેની આગાહી સંપૂર્ણ અસત્ય હોય છે. જો કે તેઓનું માનવું છે કે આગાહી કરવી એ જ અગત્યની વાત છે. આગાહી સાચી પડે કે ખોટી તે ગૌણ વાત છે.આગાહી કરવા માટેના મુખ્ય પ્રકારમાં વ્યકિતનો પડછાયો (છાયા જ્યોતિષ),હસ્તરેખા,જન્મના ગ્રહ,અંક જ્યોતિષ, પ્લાંચેટીંગ અને સહુથી અગત્યનો પ્રકાર હૈયાસૂઝ છે.

થોડા દિવસ પહેલા અમારા મિત્રમંડળની ચર્ચામાં મેં એક વિધાન કર્યું કે મનુષ્યનું ભવિષ્ય તેના વજન પર આધારિત છે. મારી કોઈપણ વાત પર હસવું જ જોઈએ એવી વૃતિ અને લાગણી ધરાવતા મિત્રો પહેલા તો ખડખડાટ હસવા માંડયા, પછી ગંભીર થઈને કહે" આ મશ્કરીનો વિષય નથી.

' મેં કહયું " આ મશ્કરી નથી હકીકત છે, તમારા વર્તમાનના વજન પરથી તમારા વિષે આગાહી થઈ શકે."

એક મિત્ર કહે એમ, તો મારૂ વજન ૫૪ કિલોગ્રામ છે, મારૂં ભવિષ્ય કહો જોઈએ?

મેં તુરત જ કહયું " પ્રણય બાબતમાં સફળતા મળે તેવા સંજોગો છે,હાલમાં તમારા જીવનમાં પ્રગતિ થઈ રહી છે " તેઓ એકદમ ગંભીરતાપૂર્વક કહે " દરેક વિષયને જો તમે આમ મશ્કરીમાં ઉડાડશો તો વહેલી તકે આપણી મિત્રતાનો અંત આવી જશે. મને થયું કે હવે તેઓને વધારે સતાવવા યોગ્ય નથી તેથી મારા ખિસ્સામાંથી એક ટિકિટ કાઢીને આપી અને કહયું, વાંચો, રેલ્વે સ્ટેશનના સ્વયં સંચાલિત વજનકાંટાની એ ટિકિટ હતી, જેમાં એક બાજુએ વજન અને તેની પાછળની બાજુએ ભવિષ્ય લખેલ હતું.

આપણા જીવનમાં ઘણી જગ્યા એ સાવચેતીની સૂચના પ્રારંભથી જ આપવામાં આવેલી છે. મુખ્યત્વે મુસાફરીમાં ઘણા પ્રકારની તકેદારી જ્યોતિષશાસ્ત્રમાં દર્શાવેલ છે. ઉદાહરણસ્વરૂપે, હમણા એક દિવસ હું રાજકોટથી જામનગર જવા નીકળ્યો ત્યારે મને રોકીને મારાં પત્ની કહે જામનગર કઈ દિશામાં આવ્યું ? મેં કહયું " પશ્ચિમ દિશામાં " તો એકદમ ખુશ થઈને કહે તો એ દિશામાં કોઈ હરકત નથી. મેં કહયું કેમ ? જવાબમાં કહે એ દિશામાં "દિશાશૂલ"નથી એટલે વાંધો નહીં. મેં કહયું આમ પણ કોઈ દિશામાં શૂળ છે નહિ અને દિશા રૂપી શૂલ લાગવાનો સંબંધ કદાચ દિશાઓ રૂપી વસ્ત્ર પહેરનારને હશે, આપણને નહિ. એકદમ ગંભીર થઈ ને શ્રીમતી કહે " જુઓ ધર્મની દરેક બાબતની તમે મશ્કરી કરો છો તે બરાબર નથી. " જવાબમાં મેં કહયું હું કદાચ મશ્કરી કરતો હોઈશ તો પણ આપણા જડ થઈ ગયેલા વિચારોની, આપણા

શાસ્ત્રોની મશ્કરી તો મનમાં પણ હું કરતો નથી. મારા નાની અને મારા માતુશ્રી એકદમ સનાતન ધર્મનું પાલન ચુસ્ત રીતે કરતા અને અમારી પાસે પણ કરાવતાં, તેઓ સમક્ષ હું ઘણી વખત શાસ્ત્રો પર મારી આગવી રીતે ચર્ચા કરતો અને જો તેમની પાસે મારી દલીલનો જવાબ ન હોય તો તેઓ એકદમ વિચિત્ર મુખ મુદ્રા કરી અને શ્રીમતીએ મૌન ધારણ કરી લીધું, તેમના મૌન વ્રતે મને વિચારતો કરી મૂકયો. શાસ્ત્રોની વાત એક બાજુએ રાખીએ તો પણ એક વાત તો નકકી છે કે ભવિષ્ય જાણવા માટે લગભગ દરેક વ્યકિત આતુર હોય છે. ઘણા લોકો ( હું પણ ) જાહેરમાં જ્યોતિષ શાસ્ત્રની મશ્કરી કરતા હોય છે પરંતુ મનથી તેમાં શ્રધ્ધા હોય છે. મારા એક મિત્ર તો દૈનિક પત્રમાં આવતા રોજના રાશિ ભવિષ્ય મુજબ પોતાના કાર્યક્રમોની ગોઠવણી કરે છે.

કોઈ પણ બનાવ અંગેની આપણને એટલે કે હિંદુઓને અગાઉ થઈ જાય છે તે જગજાહેર વાત છે. આપણા ઘણા વડવાઓ ને પોતાના મૃત્યુની આગાહી અગાઉથી થઈ જતી ને? થોડા દિવસ પહેલા અમારા એક સંબંધી ના મૃત્યુની પ્રાર્થના સભામાં જવાનું થયું, ત્યારે મારા જાણવામાં આવ્યું કે, તેમના મૃત્યુના દિવસે કંઈક અમંગળ બનવાની આગાહી તેમના ઘણા સ્વજન ને થયેલ, કોઈક ને મન માં વગર કારણ ની અશુભ લાગથીઓ ઉત્પન્ન થતી હતી, એક બહેન ને દૂધ ઉભરાઈ ગયેલું,કોઈ ને બિલ્લી આડી ઉતરી હતી, કોઈ ને સવાર ના અશુભ સ્વપ્ન આવેલ, એક બહેન વળી એવું માનતા હતા કે બે વર્ષ પહેલા આ ઘરમાં રહેવા આવ્યા ત્યારે ગૃહ શાંતિ કરેલ નહિ તેનું જ આ પરિણામ છે. અશુભ પ્રસંગની જેમ શુભ પ્રસંગની માહિતી પણ ઘણા લોકો ને અગાઉ થી જ્ઞાત થઈ જતી હોય છે. હકીકત માં કોઈ એક પ્રસંગનું બનવું અને તે બન્યા પહેલાં તેના વિષે અમુક ઘટના (કાલ્પનિક ?) પરથી તેની માહિતી પ્રાપ્ત થાય એ બંન્ને ઘટનાનું સંકલન એનું નામ જ, ભવિષ્ય અંગેની આગાહી. અને જયારે આગાહી સાચી પડે ત્યારે આગાહી કરનાર વ્યકિત તરફ તેના પ્રશંસક જે અહોભાવ થી જોઈ રહે તે પણ એક અદ્ભૂત દ્રશ્ય છે.

આગાહી કરવાની આવડત અમુક પ્રસંગે ખુબ જ ઉપયોગી થઈ પડે છે. ખાસ કરીને રેલગાડીની મુસાફરીમાં જયારે ખુબ જ ભીડ હોય ત્યારે હસ્તરેખાનું થોડું જ્ઞાન પણ કેટલું ઉપયોગી થાય છે તે આપણને જ્ઞાત છે. યુવાવસ્થામાં તો હસ્તરેખાનું જ્ઞાન બ્રહ્માસ્ત્રનું કામ કરે છે. મને યાદ છે કે હું જ્યારે બી.એસસી.માં ભણતો એટલે કે આજથી લગભગ ૫૦ ૫૫ વર્ષ પહેલાં અમારા વર્ગમાં અમે પાંચ છ વિદ્યાર્થીઓ હતા. જેમાં એક વિદ્યાર્થીની પણ શામેલ હતી. એકવાર વર્ગમાં અમારામાંથી તેની બાજુની પાટલી પર બેઠેલ વિદ્યાર્થીએ દૂરથી તેની હથેળી ખુલ્લી જોઈ ને થોડું મીઠું સ્મિત આપી....

ને કહે 'અરે તમને હાથ પરથી ભવિષ્ય જોતા આવડે છે? તો રીસેસમાં મને જોઈ આપશો? આ જોઈને અમે બધા અવાચક થઈ ગયા.મનમાં ને મનમાં તે વિદ્યાર્થીની ઈર્ષ્યા પણ કરવા લાગ્યા,સામાન્ય વિદ્યાર્થીમાંથી અમારી નજરમાં તે વી.આઈ.પી. થઈ ગયો.મને યાદ છે કે બીજા દિવસે વર્ગના બધા જ વિદ્યાર્થી પાસે હસ્તરેખા શાસ્ત્રનું એક પુસ્તક હાજર હતું.અને ત્યારપછીના ઘણા દિવસો સુધી અમે બધા હાથની હથેળીનો આકાર,તેમાં રહેલા પર્વતો,મેદાન અને જુદી જુદી રેખા વિષે સતત ચર્ચા કરતા રહેતા, અને તે ચર્ચાની

અસર વિદ્યાર્થીની પર શું થાય છે તે જાણવા ને આતુર રહેતા. જો કે આજના યુવાનો ને આ વાત કદાચ અતિશયોક્તિ ભરેલી લાગશે,કારણ આજે યુવાનો પાસે સંપર્ક વધારવા માટે મોબાઈલ અને તેની એપ્લીકેશન અસ્તિત્વમાં છે,અને સાધનો કરતાં પણ વિશેષ યુવક અને યુવતી ને મળવાની જે સામાજિક સ્વતંત્રતા અત્યારે છે,તે અમારા સમયમાં નહોતી. અમે તો એ યુગમાં ભણતા કે જયારે વિજાતીય વ્યકિત સાથે વાતચીત કે મિત્રતા સામાજિક ગુનો ગણવામાં આવતો. અને સંપર્ક માટે મોબાઈલ તો દૂરની વાત પણ લેન્ડલાઈન પણ પૈસાદાર જ વસાવી શકતા. પી.સી., લેપટોપ,ટેબ્લેટ વગેરેતો કલ્પનામાં પણ નહોતા,એટલે સંપર્ક કરવા માટે પુસ્તક કે નોટબુકની આપલે, વાક્ચાતુર્ય, સંગીત કે રમતગમતમાં નિપુણતા અગત્યના સાધનો ગણાતાં. તેમાં પણવાક્ચાતુર્ય અને હસ્તરેખા શાસ્ત્રનું થોડું પણ જ્ઞાન એકદમ હાથવગાં શાસ્ત્રો ગણવામાં આવતા. જો કે મારો અનુભવ છે કે આજના વખતમાં પણ હસ્તરેખા શાસ્ત્ર અડગ અને અજેય છે. આજે પણ સંદેશની આપલે પછી મૃદુતાથી હસ્તસ્પર્શ માટે હસ્તરેખા શાસ્ત્ર જ ઉપયોગમાં  લેવું એ જ નિર્દોષતાપૂર્વક પ્રેમના પ્રારંભનું પ્રથમ સોપાન છે ને !? અને જયારે પ્રથમ સોપાન પૂર્ણ થયા પછી પરસ્પર પ્રેમનો એકરાર થાય ત્યારે વ્યકિતમાં કવિ આત્મા  પ્રવેશે અને મનમાં થાય કે આગાહી કરાવી એય છે એક લહાણુ.

જ્યોતિષશાસ્ત્રનો ઉપરોકત ચર્ચા મુજબ ઉપયોગ કરવો એક વસ્તુ છે, અને તેમાં અંધશ્રધ્ધા રાખવી એ બીજી બાબત છે. ટેકનોલોજીના આ યુગમાં પણ આ શાસ્ત્રમાં અતૂટ શ્રધ્ધા ધરાવતો એક મોટો સમૂહ અસ્તિત્વમાં છે, અને મારા વર્ષોના અવલોકન પરથી મને લાગે છે કે આ સંખ્યામાં વધારો થતો જાય છે. ટેકનોલોજીના અત્યંત આધુનિક યુગમાં આપણી આકાંક્ષા અને અપેક્ષા ખૂબ વધી ગઈ છે અને તેની પ્રાપ્તિ નહી થવાથી આપણી માનસિક અશાંતિ અને અસંતોષ પણ એટલા જ વધી ગયેલ છે, જે કદાચ આપણી જ્યોતિષ શાસ્ત્રમાં શ્રધ્ધા માટેનું કારણ છે. અને એ જ કારણથી કદાચ આશ્રમો અને ગુરૂઓની સંખ્યામાં પણ દિવસે દિવસે વધારો થઈ રહયો છે.

થોડા દિવસ પહેલા એક મિત્ર મળ્યા, સામાન્ય રીતે ખુશમિજાજમાં રહેતા મિત્રના ચહેરા પર થોડી ઉદાસી જોઈને મેં પૂછયું  " કેમ ઉદાસ દેખાવ છો ? " જવાબમાં તેઓ કહે " ખાસ તો કંઈ નથી પણ, મારી પુત્રીના વિવાહની ચિંતા છે "  મેં કહયું  " કેમ ?  તમારી પુત્રી તો દેખાવમાં સુંદર છે,અને એન્જીનીયર થયેલ છે,તેના વિવાહની વળી શું ચિંતા ?

" તેઓ કહે એ બધું સાચું પણ તેની કુંડળીમાં " મંગળ" છે  તેથી તેને યોગ્ય મંગળવાળો મુરતિયો મળતો નથી,હું આશ્ચર્યપૂર્વક તેમને જોઈ રહયો અને એકદમ આશ્ચર્ય અવાજથી પૂછયું " તમે આવા બધા વહેમમાં માનો  છો ? "

તેઓ કહે વહેમ શેનો ? આ તો શાસ્ત્રોક્ત વાત છે,તમે રામાયણ વિષે તો સાંભળ્યું  છે ને ? તો કહે " તેમાં પૂછવાનું હોય, મને તો ઘણી ચોપાઈ પણ કંઠસ્થ છે.

" મેં કહયું તો પછી મને એ સમજાવો કે ભગવાન રામ ને રાજગાદીએ બેસવાનું મૂહુર્ત તો વશિષ્ઠ મુનિએ જ

કાઢયું હશે ને ? તેમ છતાં તે મૂહુર્તમાં ગાદીએ બેસવાને બદલે તેમને વનવાસ ભોગવવા શા માટે જવું પડયું ? " મને કહે એવા ખોટા વિચાર કરવા બંધ કરો, એ તો ભગવાનની લીલા હશે,આપણને તેમાં સમજણ ના પડે.

" તેમના આ જવાબ પછી તેમની સાથે ચર્ચા કરવી અશકય હતી તેથી હું શાંત થઈ ગયો. લગ્નજીવનમાં મંગળની જેમ શનિ પણ મુશ્કેલી ઉભી કરી શકે છે તેવી પણ એક માન્યતા છે. આજ રીતે જન્મકુંડળીમાં કાલસર્પયોગ અમંગળ ગણાય છે,ગ્રહ પણ ઉચ્ચ કે નીચે હોઈ શકે છે. એકવાર એક જ્યોતિષીને મેં કહેતા સાંભળ્યા કે " તમારો ગુરુ(ગ્રહ) નીચનો છે ત્યારે મને અત્યંત આશ્ચર્ય થયેલ. એક વસ્તુ તો ચોકકસ છે કે વર્ષોથી આપણા મનમાં ઘર કરી ગયેલી કેટલીક માન્યતાઓને દૂર કરવી ઘણી કઠીન બાબત છે, કોઈપણ શાસ્ત્રને માનવું તે બાબતનો વિરોધ ન હોઈ શકે પણ, સમજણ વગર તેને વળગી રહેવું તે પણ યોગ્ય નથી.

મારી માન્યતા મુજબ જ્યોતિષશાસ્ત્ર સંભાવના પર આધારિત છે ઉપરાંત તેના ઘણા ગ્રંથોના વાંચન પછી મને લાગે છે કે તેમાં અગત્યની જરૂરત છે ગણિતનું ઊંડાણપૂર્વકનું જ્ઞાન,ગ્રહની ગતિનો સૂક્ષ્મ અભ્યાસ અને ફળકથન માટે ખુબ જ શુધ્ધ મન અને ઈશ્વર કૃપા. હકીકતમાં આપણા મનના ઊંડાણમાં આપણને ભવિષ્ય વિષે ચિંતા રહેલી હોય છે અને જેમ જેમ આપણી ઉમર વધતી જાય તેમ તેમ આપણે મનથી નબળા પડતા જઈએ છીએ અને ભવિષ્યમાં શું બનવાનું છે તે જાણવાની તીવ્ર ઈચ્છા આપણને જુદા જુદા પ્રયોગ તરફ ખેંચી જાય છે. વાસ્તવમાં આવી માનસિક નબળાઈથી દૂર રહીને, મનને મજબૂત બનાવી આપણી શારીરિક,માનસિક,આર્થિક અને સામાજિક સ્થિતિ એકદમ મજબુત બને તેવા પ્રયત્નો કરવા જોઈએ, આપણી જાતને એટલી મજબુત બનાવવી જોઈએ કે આપણી ઈચ્છા મુજબ, આપણા ભવિષ્યનું સર્જન થાય અને ભગવાનને પણ આપણી ઈચ્છા પૂર્ણ કરવાનું મન થાય, પેલા ઉર્દુ કવિએ કહયું છે તે મુજબ–

'ખુદી કો કર બુલંદ ઈતના કી હર તકદીર સે પહલે, ખુદા ખુદ બંદે સે પૂછે બતા તેરી રઝા કયા હૈ'

આપણા જીવન વિષે બીજી કોઈ વ્યક્તિ સાચી ખોટી આગાહી કરે, આપણને માનસિક અસ્થિર બનાવે અને પોતે મહત્વ મેળવે તેના કરતાં આપણે બુધ્ધિપૂર્વક આપણી જાતમાં સંપૂર્ણ વિશ્વાસ રાખી યોગ્ય પુરુષાર્થ કરીને સ્વયં આપણું ભવિષ્ય ઉજજવળ બનાવીએ એ વધુ સારો માર્ગ નથી ?

**Travelpro**

for your better and comfort Traveling...

You can consults us for-

- International and Domestic -
- Air Tickets,
- Hotels,
- Group tours,
- Customized holiday packages
- Incentive tours
- Event and Wedding packages
- All type of visa and Insurance.

Contact : Mo.+91 9825030783

Email : ketan.travelpro@gmail.com

## અનેક રોગ માટે ગુણકારી જામફળ –આયુર્વેદ ડો.રાજેન્દ્ર કે.હાથી,વડોદરા.

આમળા પછી 'વિટામીન સી'માં બીજું સ્થાન ધરાવતાં જામફળ બાળકો,મહિલા,પ્રૌઢ તથા વૃધ્ધોનું પ્રિયતમ ફળ છે. શિયાળાનું આ ગુણકારી ફળ મૂળ દક્ષિણ અમેરિકાનું છે. બે જાત ધોળી અને ગુલાબી. ધોળા વધુ મીઠા હોય..ભાવનગર ધોળકાના જામફળ પ્રખ્યાત છે.ઉ.પ્ર.માં પ્રયાગ,વારાણસીના જામફળ પ્રખ્યાત છે.શિયાળામાં જામફળ અનેક રોગમાટે અતિ ગુણકારી છે,જે વીર્યવર્ધક,ઠંડુ, પિત્તનાશક, રેચક છે. બળતરા,ભ્રમ,મૂર્છા,હરસ,કૃમિ,ઉન્માદ,કબજીયાત મટાડે છે. રકતવિકાર, રકતપિત્ત અને આધાશીશી, દંતરોગની ઉત્તમ દવા છે. જામફળ ખરતા વાળને અટકાવે છે તેમજ લોહીનું દબાણ, ગર્ભિણી ની ઉલટી અટકાવે છે, માનસિક રોગ પણ મટાડે છે.

જામફળમાં પાણી ૭૬.૧% ઉપરાંત પ્રોટીન,ચરબી, કાર્બોદિત, ફોસ્ફરસ, લોહ,વિટામીન સી રહેલાં છે. છાલ તથા ઉપરના ગર્ભમાં વિટામીન સી વધુ હોય છે,પાકેલા જામફળમાં વિટામીન સી ઓછું હોય છે. શાક બનાવી પણ ખવાય છે તેમ જામફળનો જ્યુસ કચ્છ ભુજ બાજુ વધુ મળે છે,૧૦૦ મી.લી.રસમાં ૭૦થી ૧૭૦ મી.ગ્રામ વિટામીન સી મળે છે.

જામફળ નરણા કોઠે ખાવાથી કે વધુ ખાવાથી વાયુ કરે,ઝાડા કરે,પિત્ત કરે છે.બપોરના ભોજન બાદ બે કલાક પછી જ ખાવાં.ઉપર પાણી પીવું નહિં.

### ડાયબાબીટીસ અને ફળો :

સમગ્ર વિશ્વમાં ડાયાબીટીસ(મધુપ્રમેહ) દિન પ્રતિદિન વકરતો જાય છે.ભારતમાં કુલ દર્દીઓ માંથી ૩૪% દર્દીઓના નિદાન થાય છે.બાકીના ૬૬% અડધા પડધા નિદાન હેઠળ પરેજી,કસરત વગર મૃત્યુના શરણે જાય છે.જાગૃતિ તથા સ્વાસ્થ્ય તરફની બેદરકારી ને કારણે હજી પણ મધુપ્રમેહ પોતાને છે તેવું સ્વીકારવા તૈયાર નથી.

ભૂખ્યા પેટે ૧૦૦ એમ.જી. અને જમ્યા પછી ૨ કલાક પછી ૧૪૦ એમ.જી.થી નીચે લોહીમાં સાકર હોય તો તે સ્વસ્થ માણસ કહેવાય.

ડાયાબીટીસ નિદાન પછી નીચેના ફળો બિલકુલ ન ખાવા અથવા કવચિત ૧/૨ કે ૧/૪ કાપીને ખાવા. ચીકુ કેરી,કેળાં,સીતાફળ કદાચ વધારે ખવાયાં હોય તો વધારે ચાલી લેવું. અથવા ભાત,બટાટા, ફરસાણ મીઠાઈ તે દિવસે ન લેતાં છાશ,કચુંબરથી એડજેસ્ટ કરી લેવું.જ્યુસ ન પીવો તેમાં કેલેરી અને સાકર વધારે હોય છે.

તો ક્યા ફળો માપસર ખાવાં?...

સંતરા : ચઢીયાતી ખટાશવાળા,રસથી ભરપૂર સંતરામાં 'નેરિન્ટેનીન એન્ટી ઓકસીડન્ટ' રહેલું છે.તે ઈન્સ્યુલીનના નિયમનમાં ઉપયોગી છે.તેમાં વિટામીન સી તથા પોટેશીયમ વધુ હોય છે.

કીવી તથા પેરૂ : પોટેશીયમ ફાઇબર તથા વિટામીન સી થી ભરપૂર આ ફળમાં કાર્બોહાઇટ્રેડનું ઓછું પ્રમાણ હોય છે.

જાંબુ–તરબૂચ : સાવ ઓછી કેલેરીવાળા આ ફળોમાં વિટામીન બી,સી રહેલાં છે.બીટાકેરોટીન તથા લાયકોપેન પોષક તત્વો પણ છે.

ચેરી : લો કાર્બોહાઇડ્રેટ્સ તથા એન્ટી ઓકિસડન્ટસવાળા ચેરીમાં તેનો ગ્લાયસેમિક ઈન્ડેક્ષ ઓછો હોવાથી બ્લડસુગરને કાબુમાં રાખવાનો અપ્રતિમ ગુણ છે.

પીચ : પીચમાં વિટામીન એ,સી,ફાઇબર તથા પોટેશિયમનું પ્રમાણ વધુ હોય છે.તેની છાલ મખમલી હોય છે.તેમાં કાર્બોહાઇડ્રેટ્સ ઓછા હોવાથી સુપાચ્ય છે.

દેશી પપૈયુ : વિટામીન એ,બીથી ભરપૂર તથા એન્ટી ઓકિસડન્ટ પપૈયુ બહુ ન ખાવું.મૂદુ રેચક છે તેથી કબજિયાત મટાડે છે.

દ્રાક્ષ : ખાટી,મીઠી સંયમથી ખાવી. સફરજન : સંયમથી ખવાય. લીચી : પુષ્કળ લઈ શકાય.

જો સવારે કે રાત્રે ફ્રૂટ ડીશ ખાવ તો બાકીના ભોજનમાં ભાત–બટાકા–મીઠાઇ–ફરસાણ ન લેવાં, જેથી સપ્રમાણ ખાંડ જળવાય...

જો સમજી વિચારીને ખાશો ફળ,તો નહિ જાવ નિષ્ફળ.

મળશે પૂરતું બળ ને જીવન બનશે સરળ.

<u>દેવું કરીને ઘી પીવો :</u> પૃથ્વી પર ઘી શ્રેષ્ઠ અમૃત રસાયણ છે.આધુનિક તબીબો ૧/૨થી બે ચમચી જ ઘી લેવાનો અનુરોધ કરી દર્દીને ગભરાવી દે છે.જ્યારે આયુર્વેદે વર્ષો પહેલાં ઘીની બહુમુખી પ્રતિભાને નજર અંદાજ કરી કરજ કરીને પણ ઘી ખાવાનું ફરમાન કર્યું છે.વાત બીલકુલ સાચી છે. પાપડ,અથાણા,રાયતા, હાંડવો,ઢોકળાં,ભજિયાં,રોટલા બધુ કોરૂં હોવાથી આંતરડા ચીકાશ ન મેળવે ને ઝાડો ન ઉતરે,તેને કબજીયાત કહેવાય.ઘી આંતરડાને મુલાયમ,ચીકણા રાખે તેથી કબજીયાત ન રહે.ઘી બળ બુદ્ધિ,સૌંદર્ય, રકતદોષનાશક,પીત્તનાશક,કફકારક છે.ગાયનું ઘી સર્વોત્તમ છે આયુર્વેદને મતે ઘી હજાર કર્મો કરતું હોવાથી સહસ્કૃત કહેવાય છે.તેને સંસ્કૃતમાં ઘૃત કહેવાય છે.તેના પરથી ઘી શબ્દ બનેલ છે.

ઘીથી મળતા ફાયદાઓ અનેક છે...જેમ કે ૧. ઘીમાંના વિટામીનો આંખને હિતકારી છે.૨.તેમાંનું કેલ્શિયમ હાડકા મજબૂત બનાવે છે.૩.ચપટી મીઠા સાથે લેવાથી ભૂખ લાગે છે.ઘીમાંનો ફેટીક એસિડ પાચન ઝડપી બનાવે છે.૩. તે એન્ટીવાયરલ હોવાથી કેન્સરની ગાંઠને વધતી રોકે છે તથા શરીરમાં હોર્મોન્સ પેદા કરે છે.સોવાર ધોયેલું ઘી ચર્મરોગ મટાડે છે. ૪. વૃદ્ધો માટે ઘી પરમ હિતકારી છે.૫.ઘીની અવેજીમાં વપરાતા ખાદ્ય પદાર્થોમાં ટ્રાન્સફેટનું પ્રમાણ વધારે હોય તો સ્વાસ્થ્ય બગડે છે.૬. સ્મરણ શકિત વધારવા ઘી શ્રેષ્ઠ છે.ઘીથી મગજના ન્યુટ્રોન સેલ્સ મજબૂત થાય છે. મગજને સ્નિગ્ધ રાખે છે.૭.ખરતા વાળ,સફેદવાળ,સાયનસ,આધાશીશી,જૂની શરદી,નાકના મસા વ.માં ઘીના ટીપા નાકમાં નાખવાં જેને નસ્ય કહ છે.૮. ઘી હૃદય માટે ટોનિક છે. ગરમ દૂધ,પાણી કબજીયાત મટાડે છે.૧૦ સંધિવા,ચામડીના રોગો,બળતરા પણ મટાડ છે.

શા માટે જ્ઞાતિમાં જ લગ્ન..પ્રેમ પરિવારનું મહત્વ શું?

## નાગર લગ્નોત્સુક કુમારિકાઓ જોગ

આજ તો તમને,એટલે લગ્નવયની તમામ નાગર યુવતીઓને સંબોધીને બે વાત કરવી છે. તમારા સૌના જીવન સાથે સંકળાયેલી આ અત્યંત મહત્વની બાબત છે,તેથી આને ખાસ ધ્યાન દઇને વાંચજો.આ વાત આપણી સમસ્ત જ્ઞાતિ સાથે પણ સંબંધ ધરાવે છે,એટલે સૌ વાંચે અને એ વિશે વિચારે એવી પ્રાર્થના.

તો નાગર બેનો! આજકાલ આપણી નાગર જ્ઞાતિની યુવતીઓના જ્ઞાતિ બહાર પરણવાના બનાવો વેગે વધી રહયા છે.આ અનિષ્ટ ચાલ–ટ્રેન્ડ વિશે તમને સાવધાન કરવા અને ચેતવવા માટે આ લખાય છે.આ ઘટનાની વધુ ચિંતાજનક બાબત એ છે કે આપણા યુવકો કરતાં યુવતીઓ મોટા પ્રમાણમાં જ્ઞાતિ બહાર પરણીને જાય છે,એવો અંદાજ છે.આ વિશે કોઈએ તટસ્થ,ડેટાબેઈઝ્‌ડ સંશોધન કરવાની જરૂર છે.દાખલા તરીકે છેલ્લાં ૨૫–૩૦ વર્ષમાં જ્ઞાતિ બહાર આપણા કેટલાં મર્દનાં ને મહિલાનાં લગ્ન થયાં? જો કે,આપણા બધા માટે આ બંને પ્રવાહો એકસરખા હાનિકારક છે,એ તો નક્કી.

નાગર સમાજમાં,અને પૂરા ભારતીય સમાજમાં લગ્ન વિશે એક એવું દુર્ભાગ્ય ઘટિત થયું છે કે અહીં લગ્ન વિશે અધકચરી સમજ અને અસમજ પ્રવર્તે છે.આ તે કેવા આશ્ચર્યની વાત કે નાનોસૂનો ધંધોરોજગાર કરવો હોય તો પણ એના વિશે આપણે પાકી સમજ મેળવી લઈએ છીએ,જ્યારે લગ્ન તો આખા જીવનનો સંબંધ અને તેને વિશે પરણનારમાં પાકી સમજનો જ અભાવ! આપણે લગ્નની શાસ્ત્રોક્ત વિધિ કે સપ્તપદીના મંત્રો જેવી ટેકનિકલ વીગતોની વાત નથી કરતા,માત્ર ભારતીય સંસ્કૃતિ પ્રમાણે લગ્નનું મૂળભૂત સ્વરૂપ કેવું છે,તેની સમજની વાત કરીએ છીએ.

તો બેનો! અન્ય કોઈ સમજે કે ન સમજે પણ તમારે તમારા જીવનને રસ તથા સંતોષથી સભર બનાવવું હોય તો લગ્ન વિશે પહેલી અને પાયાની વાત સમજી લેજો કે લગ્ન એ કૌટુંબિક પ્રસંગ છે. લગ્નના કેન્દ્રમાં પરિવાર છે, વ્યકિત નહિ. આમ તો આખા વિશ્વની લગ્નવ્યવસ્થા કુટુંબની આસપાસ જ ગુંથાયેલી હતી.ઈન ફેકટ–હકીકતમાં આદિમ જંગલી અવસ્થામાંથી બહાર આવી માનવજાતે લગ્નસંબંધની જે શોધ કરી, તે સ્થિર અને સલામત કુટુંબજીવનની રચના માટે જ.

એટલે આપણી ભારતીય સંસ્કૃતિમાં તો લગ્ન સંબંધ માટે વર–કન્યાના કુળ–ગોત્ર–પરિવારે જ પ્રાધાન્ય આપવામાં આવતું. વેદકાળમાં ઋષિમુનિઓ પોતાના યજમાન ગૃહસ્થનાં સંતાનોનાં માગાં લઈને યોગ્ય ઠેકાણે જઈ ગોઠવણ કરતા, તે પછીના કાળમાં બ્રાહ્મણ પંડિતો અને ગોરમહારાજો આ પ્રકારની મધ્યસ્થીનો ભાગ ભજવી એકબીજા પરિવારોના સંપર્ક કરી સંબંધ જોડતા–મુખ્યત્વે બે પરિવારો વચ્ચે અને સાથે સાથે બે વ્યક્તિઓ વચ્ચે. એક જમાનામાં રાજકુંવરીઓના સ્વયંવરના મોટા સમારંભો ગોઠવાતા, અને કન્યાઓ પોતે વર પસંદ કરતી પણ એમાં એક યાદ રાખવાની ખાસ બાબત એ હતી કે એમાં ખાસ ખાનદાન અને કુળના રાજવીઓને જ નિમંત્રણ આપવામાં આવતાં. (આજે યોજાતા લગ્નમેળા એ નૂતન છાપના

આધુનિક સ્વયંવર–કમ–સ્વયંવધૂ જ છે ને? નોંધપાત્ર બાબત એ કે, લગ્નપ્રસંગ એક જાતનું સંતુલન–balancing છે.બહુ નજીકના નહિ,તેમ બહુ વિદેશી કે વિપ્રદેશી પણ નહિ,તેવા બે પરિવારોના લગ્નસંબંધે જોડાણનું સંતુલન.(પ્રખ્યાત ભારતીય લેખક ચેતન ભગતની 'ટુ સ્ટેટસ' નવલકથામાં ગુજરાતી યુવક અને કેરાલિયન યુવતી વચ્ચેના પ્રેમ અને પરિણયની કથા દ્વારા લેખક જો જાતિ ભેદ મિટાવવાનો નૂસ્ખો સૂચવવા માગતા હોય તો તે કપોલ–કલ્પના છે. આપણે જાતિ–જ્ઞાતિ ભેદ મિટાવવાના નથી,એને સ્વાભાવિક સરલ બનાવી એમની વચ્ચેનું વૈમનસ્ય દૂર કરવાનું છે.)

તમે તો સંસ્કારી નાગરી નાતની દીકરીઓ છો,એટલે સંવેદના અને શાણપણ તો તમારી નસેનસમાં વહે,બરાબરને? એટલે તમને એક સીધો સવાલ પૂછું, કે પરણીને પારકા ઘરમાં સમાઈ જવું કેટલું અઘરૂં છે. ખાસ તો આજના છોકરીઓના સ્વતંત્ર ઉછેર અને ભણતરના જમાનામાં? આ સંજોગોમાં તમે કલ્પના કરો,મહિલાઓ કે તમે પરણીને આજીવન જ્યાં વસવાનાં છો,ત્યાંના માણસો તમારાથી જુદી રીતભાતવાળાં હોય અને તમે બાળપણથી જ્યાં ઊછરીને મોટાં થયાં હો તે નાગર સંસ્કારો,રીતભાત અને ખાનપાનથી સાવ ભિન્ન જીવનશૈલી પ્રવર્તમાન હોય, તો શું ડગલે ને પગલે તમે અકળામણ ન અનુભવો ? તમારી ઓળખાણ કે પ્રીતિ જે કાંઈ હોય તે તમારા વર પૂરતી જ હોય,અને લગભગ તો સાસરિયાં તમારા વિરોધમાં જ હોય. વર સાથે તો કેટલું રહેવાનું ? બાકી પૂરા પરિવારમાં સામે પૂર તરવાનું ! અકળામણ કેવી સોલીડ,તમે કલ્પી શકો.પ્રેમનો અર્થ ફેલાવું–ખીલવું એવો થાય,ને અહીં તો જીવન મૂર્ઝાઈ જાય–ગુંગળાઇ જાય,કહેવાતા આવાં પ્રેમલગ્નનો અંજામ ઘણીવાર છૂટાછેડામાં અથવા કમભાગ્યે,આત્મહત્યામાં આવે,એવા સમાચારો જાણવા મળે છે.આ અંગે પણ વ્યવસ્થિત શોધ કરવાની જરૂર છે.

યુવતીઓ ભણીગણીને નોકરીએ જાય છે,ત્યાં સાથે કામ કરનાર ઈતર જ્ઞાતિના લોકો સાથે સંપર્કમાં આવતાં પોતાની પસંદગી મુજબ લગ્ન કરવા લલચાઈ જાય છે.પહેલી વાત તો એ કે મોટેભાગે આ મોહ હોય છે,જે સાથે રહેવાથી છલકાય જાય છે,અને એટલી જ ત્વરાથી શમી પણ જાય છે.ખરેખર તો ખાસ કિસ્સામાં અનિવાર્ય ન હોય તો,આપણી નાગરી યુવતીઓએ દિવસભરની નોકરીની ચુંગાલમાં ફસાવા જેવું નથી. તમે તો સમજુ છો,સાનમાં સમજો છો. નારી કમાઈને વર ઘરને મદદ કરે,ટેકો આપે તે ભાવ સારો છે,પણ મોટે ભાગે એ કમાણી મોજશોખ પાછળ ખેંચાઈ જતી હોય છે.તમારે તો બેનો ! ખાસ પ્રકારના ગૃહ ઉદ્યોગો કે સેવાઓમાં ટૂંકા સમય માટે જવું જોઈએ અથવા ઘેરબેઠાં રસથી થાય તેવાં કામો કરવાં જોઈએ.(વર્કફ્રોમ હોમ)

હે નાગર સસુંદરીઓ ! તમારૂં કામ તો સુંદર બની તમારી આજુબાજુ પ્રસન્નતા અને પ્રેમ ફેલાવવાનું છે. આ ક્યારે સહજ રીતે શક્ય બને ?

જુવો કલ્પના ચિત્ર :

સરોવરનો કિનારો...લાંબે સુધી પથરાયેલી હરિયાળી...એક વિશાળ વૃક્ષની છત્રછાયા હેઠે ખેલતાં હરણ બાળ.

બાજુમાં ખડા એક આલિશાન મકાનના પોર્ચમાં હિંડોળા ખાટે ખુશહાલ નાગર વડીલ ઝૂલી રહયા છે.

કહું છું,રંજનગૌરી ! આપણી નાની વહુ મિત્તલને કહો,આજ તો એના હાથના મસાલેદાર ખારા પૂડલા ખાવા છે.'

'એ,હા' અંદરથી શ્રીમતીજી ટહૂક્યાં.બહાર આવી ઝૂલે ઝુકાવતાં કહે,'પણ મોટાની વિભારી કે છે આજ તો પૂડલા તે બનાવશે.'

'ના,ના,એને કહો,આજ તો મિત્તલ ભલે બનાવતી.કહું છું રંજન ! યાદ છે,આપણે ગોંડલ હતાં ત્યારે સોસાયટીમાં કૃપાશંકર રહેતા.વેકેશનમાં એને ઘેર રહેવા એની ભાણી આ મિત્તલ મળવા આવતી ને,નહિ સગાઈ કે સંબંધ,પણ ડિપ્લોમનું ભણતી નાની બાળા,આપણે ત્યાં આવી પૂડલા બનાવી જતી. આજ તો એવા પૂડા ખાવા છે.અને કહું છું,મોટી વિભુ તો ખાનદેશની.એના હાથની તો પૂરણપોળી ખાવી છે.આવતા રવિવારે.આપણો મોટો કંદર્પ કારખાનેથી આવે એટલે વિભુ સાથે ગાડીમાં ભલે ફરી આવે.'

નાગર ઘરની સુંદરીઓ–નાગર પરિવારમાં પરણીને જાય ત્યાં આવું ગોકુળિયું ગામ જેવું હેતાળ વાતાવરણ હોય,એટલે આગંતુક નવવધૂઓ સહજતાથી હળીમળી જાય. એમ કહેવાય છે કે જ્યાં વડીલોની છત્રછાયા નીચે વહુદીકરીઓ (એટલે દીકરીઓ જેવું લાલનપાલન પામતી વહુઓ) કિલ્લોલ કરતી હોય તે નાગર ગૃહ–એ રે એંધાણીએ નાગરવાડા !

લગભગ નો લગ્નસંબંધ એકબીજા પરિચિત પરિવારો વચ્ચે ગુંથાતા હોવાથી,સગાં સ્નેહીઓના પરસ્પર આવશ–જાવશના સંબંધો પણ મીઠા હોય.તેથી પ્રસન્નતાનો પરિમલ વિસ્તરતો રહે,જેના અનોખા જીવંત આનંદનો લાભ તમને બેનો! મળતો રહે. એની સામે,નાગર જ્ઞાતિ બહારના અને અતડાં લોકો વચ્ચે પરિવારમાં પણ સ્નેહ અને સંવાદિતાને બદલે વૈમનસ્ય તથા અસહકારનું વાતાવરણ હોય ત્યાં નજીકના અને દૂરના પરિવારો વચ્ચે સ્નેહ સંબંધની તો ક્યાં વાત કરવી? ગૂંગળામણ વચ્ચે ગુજારો કરવાનો !

હવે,નાગર રમણીઓ! નિર્ણય તો તમારે જ કરવાનો છે.પ્રેમ અને સ્વતંત્રતાના નામે ભોળવાઈને આખો જન્મારો એકલા અટૂલા તરફડવું છે,કે વિશાળ માનવ સમુદાય વચ્ચે ખરા પ્રેમનું આદાન પ્રદાન કરી સ્વતંત્રતાના હિંચકે ઝૂલી માન અને ગૌરવની રંગભરી જિંદગી વીતાવવી છે?

જેમ દેશનો એલચી–એમ્બેસેડર પોતે જે કામગીરી બજાવે છે,તે હોય છે વ્યક્તિગત–પર્સનલ, પરંતુ એની પાછળ આખા રાષ્ટ્રનું કલ્યાણ રહેલું હોય છે,એવું વર–કન્યા વચ્ચેના પ્રેમનું હોય છે.એમાં અંગત ઊર્મિ તો હોય જ,પરંતુ આખા પરિવાર સાથે ભાવતંતુ જોડાયેલો રહેજ.

---

<u>અનંતના યાત્રીઓ</u> : નિરંજનભાઇ કાશીરામભાઇ વોરા,અરૂણાબેન અશ્વિનભાઇ કચ્છી કૌશિકરાય કાંતિલાલ બક્ષી,પથિકભાઇ વિજયરાય મહેતા(નિ.ડેપ્યુટી કમિશ્નર–વડોદરા)રાજેશભાઇ હર્ષવદન વસાવડા –વડોદરા. બાલેન્દુભાઈ વૈદ્ય–વલસાડ. કુંજલતાબેન પ્રવિણચંદ્ર વસાવડા– ભાવનગર.જનાર્દનરાય બાબુભાઇ બક્ષી–માઈભક્ત બળભદ્રભાઇ હરિદાસ વૈષ્ણવ–૭૮ વર્ષ,બકુલાબેન અરવિંદભાઇ વૈષ્ણવ– જૂનાગઢ .રાજકોટના લક્ષ્મીકાંતભાઇ સી.છાયાનું અમદાવાદ ખાતે.વિભાકરભાઇ માર્કંડરાય માંકડ–રાજકોટ.

**ABM TRAVELS**

Since Foreign travel destinations are yet to open for tourists and flights are also not fully operational, you have good opportunity to visit our own "Apna Desh Dekho, Gumo, haro faro maja Karo" during diwali festival holidays places-Leh Ladakh (most sought after this season) Kashmir, Kerala, Lakshadweep, Kanyakumari,Andaman,Pondicherry, Mahabalipuram, Coorg Kabini,Ooty, Shimla Manali, Delhousie, Dharmshala, Nainital, Rishikesh Mussoorie Corbet, Darjeeling, Gangtok and many more.

Young and enthusiastik travellers can explore new destination like Assam Meghalaya, Arunachal Pradesh,Tripura,Manipur,Meghalaya and Nagaland, Wild Life Centure,National Parks, Cruise.

હવે રાહ જોવાની જરૂર નથી..નિર્ણય તમારો સજજતા અમારી... ચાલો જલ્દી તૈયાર થઈ જાવ અને નીકળી પડો દેશના પ્રવાસે !

**If anyone still intersted to travel in foreign countries than Nepal,Dubai,Maldives and Thailand are open with some restrictions.**

**Contact : abmtravels@gmail.com**

**09820817318**

**શું તમે...?**

**-મકાનનું રીનોવેશન કરાવવા માંગો છો ?**

**-વોટરપ્રુફીંગ કરાવવું છે? કે...**



**-મકાન કે ઓફીસમાં કલરકામ કરાવવા ઈચ્છો છો?....તો-**

**આકર્ષક અને ટકાઉ કામની અમારી ગેરંટી અને બજારભાવ કરતાં વ્યાજબી ભાવની કાયમી ખાત્રી રાખી બધું જ અમારા ઉપર છોડો...**

**ફોન કરો : જયેશ વસાવડા**

**નિર્મળ કલર (અમેરીકન કલર)**

**મો. ૯૮૯૮૧૭૦૮૧૩/૯૦૬૭૪૯૩૧૧૭**

**સરગમ ઈવેન્ટસ, રાજકોટ**

- કંકોત્રી (પીડીએફ., વીડિયો પ્રિન્ટીગ)
- વેલકમ બેનર, પ્રોપ્સ, બીલ્લા
- પહેરામણી સ્ટીકર (નામ સાથે)
- હરખના તેડા—સેવ ધ ડેટનો વીડિયો
- લોગો—ટેગલાઇન
- મહેંદી – પાર્લર,
- સાઉન્ડ એરેન્જમેન્ટ
- ડીજે/લાઇવ મ્યુઝિકલ અરેન્જમેન્ટ
- બ્રાઇડ—ગ્રુમ એન્ટ્રીપ્લાનીગ
- લગ્ન ઉપરાંત અન્ય કોઈપણ શુભ પ્રસંગની વીડિયોગ્રાફી, મંડપ, કેટરીંગ વગેરેની પણ સંપૂર્ણ જવાબદારી 'સરગમ ઈવેન્ટસ'ને સોંપી નિશ્ચિંત થઈ પ્રસંગનો આનંદ માણો...

સંપર્ક કરો : પ્રશાંત માંકડ : ૭૦૬૯૦૦૦૮૯૮

Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**
OR you can pay by using this QR code→

નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે
નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર
**સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ**
ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં,
સિદ્ધપુર. ફોન : ૨૭૬૭-૨૨૧૯૩૫

BOOK POST

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોનઃ ૨૪૫૩૦૬૩